# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

### સમજણ સાથેની સાચી દિવાળી

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

દિવાળી શબ્દ કાને પડે અને જાતજાતના વિચારો મનમાં શરૂ થઈ જાય. નવાં નવાં કપડાં પહેરીશું, જાતભાતની મીઠાઈઓ અને ફરસાણ જમીશું. અને હા, જાતજાતના ફટાકડા ફોડી દિવાળીને વધાવીશું. અને હે.....ય આનંદ કરીશું. ખરૂને ? આવા વિચારો આવે છે ને ? એ બધી વાત સાચી પરંતુ દિવાળી અને લક્ષ્મીજી એ બંનેને શું સંબંધ છે ?

વાત જાણે એમ છે કે પુરાણની કથા છે. એક વખત ક્રોધની મૂર્તિ સમાન્ દુર્વાસામુનિ જઈ રહ્યાં હતા અને સામે સ્વર્ગનો રાજા ઈન્દ્ર મળ્યો. ઈન્દ્ર ઐરાવત હાથી ઊપર બેઠેલો. સહુ કોઈ જયજયકાર બોલાવતા હતા. દુર્વાસાજી ઈન્દ્રનું અભિવાદન કરવા સહુ સાથે ઉભા રહ્યા. જેવી ઈન્દ્રની સવારી આવી કે તુરત જ તેમની પાસે રહેલો પુષ્પહાર તેમણે ઈન્દ્રને અર્પણ કરવા ઊંચો ફેંક્યો. હાર બરાબર ઈન્દ્રના ખોળામાં પડ્યો. ઈન્દ્રે તેને સ્વીકાર્યા વગર જ હાથીના માથા પર મુક્યો અને હાર તરત જ નીચે પડ્યો, હાથીના પગ નીચે કચડાયો. દુર્વાસાએ નજરે જોયું અને ગુસ્સે થયા અને બોલ્યા કે હે ઈન્દ્ર ! તને સંપત્તિનું આટલું બધું ધમંડ છે ! જા તને શ્રાપ આપું છું કે ''ત્રિલોકીની લક્ષ્મી નાશ પામો.'' એમ કહી એ તો ચાલ્યા ગયા.

થોડા જ સમય પછી ત્રિલોકમાંથી બધું નાશ પામવા માંડ્યુ. ભૂખમરો વધવા માંડ્યો. બધે હાહાકાર વ્યાપી ગયો. ઈન્દ્રાદિ દેવો પણ દુઃખી દુઃખી થઈ ગયા. અને ભગવાનના શરણમાં ગયા. ભગવાને બધાની વાત સાંભળી આશ્વાસન આપ્યું અને ઉપાય બતાવ્યો. તમે દેવો - ગંધર્વો - અસુરો વગેરે ભેગા થઈ સંપ કરી સમુદ્ર મંથન કરો. મંદ્રાચલ પર્વતનો રવૈયો કરો - વાસુકી નાગનું નેતરૂં કરો. વાસુકી નાગના મુખ તરફ દેવો રહે અને પૂંછડા તરફ અસુરો રહે અને સમુદ્રને વલોવો. મંથન કરતાં ત્રિલોકીને સુખ-શાંતિ, સંપત્તિ પાછી મળશે. બધા સુખી થશો.

મંદ્રાચળ પર્વતને સમુદ્રમાં મુક્યો કે તરત જ તળીએ બેસી ગયો. હવે શું કરવું ? પાછી પ્રભુને પ્રાર્થના કરી. ભગવાને મોટા કાચબાનું સ્વરૂપ ધારણ કર્યુ. અને પોતાની પીઠ ઉપર મંદ્રાચળ પર્વતને સ્થાપ્યો. મુખ તરફ દેવો રહ્યા, પૂંછડી તરફ દાનવો. તેમાં ઝઘડો થયો. દાનવો કહે અમે મુખ તરફ રહીશું અને દેવો પૂંછડી તરફ રહે. પાછું સમાધાન કરાવ્યું. મંથનની પ્રક્રિયા શરૂ કરાવી. સમુદ્ર મંથન કરતાં કરતાં ઝેર નીકળ્યું તે કોઈ લેવા તૈયાર ન થયું. હળાહળ ઝેર મહાદેવજી પી ગયા. પછી ઐરાવત હાથી નીકળ્યો તે ઈન્દ્રે રાખ્યો. આમ કરતાં કરતાં ચૌદ રત્નોની પ્રાપ્તિ થઈ.

પછી ભગવાન ધન્વંતરી પ્રગટ્યા તે દિવસ આસો વદ-૧૩ નો હતો એટલે બધા તે દિવસે ધનતેરસ તરીકે ઉજવે છે. પછી બીજા દિવસે કાળી ચૌદશ એ પવનપુત્ર હનુમાનજીના પૂજન આરાધનાનો દિવસ. સમુદ્ર મંથન ચાલુ રહ્યું. વલોવતાં વલોવતાં આસો વદ-૩૦ (અમાસ)ના દિવસે સમુદ્રમાંથી સાક્ષાત્ લક્ષ્મીજી પ્રગટ થયાં. તે નારાયણ ભગવાનને વર્યા.

પછી ભગવાનની આજ્ઞાથી લક્ષ્મીજીએ કૃપાદ્રષ્ટિ કરી એટલે ત્રિલોકીના દેવ, મનુષ્યો, પ્રાણીમાત્ર સૌ સુખી બન્યા. એટલે કે સુખનો દિવસ પાછો વળ્યો એટલે એ દિવસનું નામ પડ્યું દિવાળી. અને તે દિવસે સમાજમાં બધે ઘરે ઘરે દિવા થાય છે. ઘરને સાફસૂફ કરીને રંગરોગાન થાય છે. મીઠાઈઓ બનાવાય છે. અને જમાડાય છે. કારણ કે લક્ષ્મીજીને ચોખ્ખાઈ ગમે છે, પ્રકાશ ગમે છે અને ગળપણ ગમે છે. અને તે દિવસે બધા જ લક્ષ્મીજીનું પૂજન કરે છે પણ યાદ રાખજો, નારાયણને છોડીને લક્ષ્મીજીનું પૂજન કરે છે તેના પર લક્ષ્મીજી પ્રસન્ન થતાં નથી.

ખ્યાલ આવ્યોને, દિવાળી અને લક્ષ્મીજીને શું સંબંધ છે? વ્હાલા ભક્તો ! ત્યારથી આ દિવાળી ઉત્સવની પરંપરા ચાલે છે. પરંતુ એનું હાર્દ જ્યાં સુધી સમજાય નહિ ત્યાં સુધી બે દહાડા દિવાળીનો આનંદ પછી પાછી હોળી.

જો જીવનમાં કાયમ દિવાળી જેવો આનંદ રાખવા ઈચ્છતા હો તો બ્રહ્માનંદ સ્વામીના આ શબ્દો યાદ રાખજો.

**''બ્રહ્માનંદના રે વ્હાલા તમ સંગ રમતા મારે,**
**દહાડી દહાડી છે દિવાળી, હૈડામાં મૂને વ્હાલા લાગો છો... વનમાળી.''**

કુટુંબમાં સંપ હોય અને જીવનમાં ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનનો દૃઢ આશરો હોય તો તેના જીવનમાં બ્રહ્માનંદ સ્વામીના આ શબ્દો સાચા પડે છે

બાલવાટિકાના વાંચક ભક્તોને નવાવર્ષની અનેકાનેક શુભેચ્છાઓ સાથે નૂતન વર્ષાભિનંદન સહ જય સ્વામિનારાયણ.

•

### નવા વર્ષે સાવધાન

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

એક સલાટ ભગવાનનો ખૂબ ભાવિક ભક્ત હતો. આ સલાટ લોયા ગામનો હતો. તેને સાંભળ્યું કે

સ્વામિનારાયણ ભગવાન લોયા ગામ પધાર્યા છે. તો મારે ઘેર કેમ નહિ ? ભગવાનને પોતાના ઘરે આવવા આમંત્રણ આપ્યું. પ્રભુ પ્રેમથી મારે ઘેર પધારો. મહારાજે તથાસ્તુ કહ્યું.

સલાટના આમંત્રણને માન આપી શ્રીજી મહારાજ લોયામાં સલાટને ઘેર બિરાજ્યા હતા. સંતો અને ભક્તો પણ મહારાજની પાસે બેઠા હતા અને એ સભામાં શ્રીજી મહારાજ વાતો કરતા હતા. એ વખતે એ સભામાં તરગાળાનું એક ટોળું આવ્યું. એણે આવીને ફરિયાદ કરી હે મહારાજ ! આ બધા પટેલીયાઓ સત્સંગી થયા છે. એ હવે અમને રમાડતા નથી. અમારી રમતો જોતા નથી. એટલે અમારી કમાણી ઘટી ગઈ છે. મહારાજે તરગાળાને કહ્યું, તમારી પાસે શું શું કારીગરી છે ? શું શું રમત રમો છો ? ત્યારે કહ્યું કે મહારાજ અમે જાતજાતના વેશ કાઢીએ છીએ. અને પૂતળીઓ નચાવીએ છીએ. કઠપૂતળીઓના ખેલ કરીએ છીએ. શ્રીજી મહારાજે કહ્યું સારૂં લાવો અહીં તમારી પૂતળીઓને નચાવો.

મહારાજની આજ્ઞાથી એ સભામાં સંતો, હરિભક્તો બધા બેઠા અને તરગાળાએ પોતાના તંબુમાં જઈ અને પૂતળીઓ તૈયાર કરી અને મહારાજ પાસે આવી અને એ પૂતળીઓને રમાડવા માંડી પણ કોઈ પૂતળું હાલે જ નહિ. નાના મોટા બધા પૂતળાં સજ્જડ થઈ ગયાં. પાછો એ બધા પૂતળાંને લઈ તંબુમાં જઈને બધી દોરીઓ સરખી કરી અને વ્યવસ્થિત બાંધ્યા અને ફરીથી લાવી અને પૂતળાં રમાડ્યાં. પણ એકેય પૂતળું હાલ્યું નહિ. પાછો તરગાળો તંબૂમાં લઈ ગયો. અને જોયું તો તંબૂમાં બધા પૂતળા વ્યવસ્થિત નાચે. કોઈની દોરી ઢીલી ન હોતી. વ્યવસ્થિત બાંધેલી હતી. ત્રીજીવાર મહારાજ પાસે આવી અને પૂતળા રમાડવા માંડ્યો. તોએ પૂતળાં સજ્જડ થઈ ગયા. ત્યારે એ તરગાળાએ મહારાજને પ્રાર્થના કરી કે મહારાજ ! તમે તો સાક્ષાત્ પરમેશ્વર છો. અમારી પાસે તો આ પૂતળાની દોરી અમારા હાથમાં છે. પણ તમારા હાથમાં તો સર્વ જગતની દોરી છે. તમારી ઈચ્છા નહિ હોય માટે આ અમારા પૂતળાં હાલતા નથી કે નાચતાં નથી. માટે દયા કરો. આતો અમારી આજીવિકા છે. શ્રીજી મહારાજ કહે, એ તો કંઈક ખોટકો થયો હશે. એમાં ચિંતા ન કરો. જાઓ તમારા તંબૂમાં રિપેર કરીને ફરીથી લાવો એટલે પછી જરૂર નાચશે. અને તરગાળો પોતાના તંબૂમાં જઈ અને પૂતળાં સરખા કરીને મહારાજ પાસે લાવ્યો. એટલે બધાં પૂતળાં વ્યવસ્થિત નાચવા લાગ્યાં. એ જોઈને મહારાજ રાજી થયા અને તરગાળાને જમાડ્યા. એટલું જ નહિ સારી એવી શીખ આપી એટલે કે ઈનામ આપ્યું. આવી લીલા મહારાજે લોયામાં કરી.

વહાલા ભક્તો ! આ જગત એક પ્લેટફોર્મ છે. મનુષ્યમાત્ર એ પુતળાં છે. એ સૌની દોરી તો ભગવાનના હાથમાં જ છે. ભગવાનની ઈચ્છામાં આવે તેમ સૌને નચાવે છે. એમાં કોઈનું કાંઈ પણ ચાલતું નથી. એ ભૂલવું જોઈએ નહિ કે આપણા સૌના નાડી પ્રાણ ભગવાનના હાથમાં જ છે. જ્યાં સુધી એમની ઈચ્છા હશે, ત્યાં સુધી આ પુતળું હાલતું ચાલતું રહેશે. પછી કાયમ માટે સ્થિર થઈ જશે. એવું થાય તે પહેલાં અગત્યનું કામ ભગવાન ભજી લેવા. જો ભજન કર્યું હશે તો ફરીથી પુતળું બનવું નહિ પડે. નહિં તો પુનરપિંજનનં પુનરપિ મરણં ચાલું જ રહેશે. માટે નવાવર્ષમાં સાવધાન થઈને સત્સંગ કરી લેવો. ભગવાન ભજી લેવા. એટલે બેડો પાર થઈ જશે. નવાવર્ષના સૌ બાલમિત્રોને સપ્રેમ જય સ્વામિનારાયણ.